# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે ગાજરઘાસ જાગરૂકતા કાર્યક્રમ યોજાયો

ભારત સરકાર દ્વારા દર વર્ષે ૧૬-૨૨ ઓગસ્ટ દરમ્યાન ગાજર ઘાસ જાગૃતિ અભિયાન ઉજવવામાં આવે છે. જે અંતર્ગત માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ., દેવાતજ તથા એઆઇસીઆરપી ઓન વીડ મેનેજમેન્ટ, આકૃયુ., આણંદના સંયુક્ત ઉપક્રમે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે તા.૧૮.૦૮.૨૦૨૨ના રોજ ૧૭મા ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહ અંતર્ગત જાગરૂકતા કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં ડાલી, ગાડા, પલોલ અને દેવાતજ ગામના કુલ ૨૫ ખેડૂતો હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એ. સી. વૈદ્યે ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપેલ. શ્રી ડી. ડી. ચૌધરી, એગ્રોનોમીસ્ટ, દ્વારા ગાજરઘાસના ઉપદ્રવ, ફેલાવો, તેનાથી ખેતી, પશુઓ અને માનવ સ્વાસ્થ્યને થતા નુકસાન તેમજ ગાજરઘાસના સંકલિત વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા ખેતીપાકોમાં નીંદણનો ફેલાવો અટકાવવા અને તેના નિયંત્રણ માટે જુદી જુદી પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ તેમજ ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ ગાજર ઘાસના સંપર્કમાં આવવાથી મનુષ્ય અને પાલતુ પ્રાણીઓને સ્વાસ્થ્ય સંબંધી થતી હાનીકારક અસરો વિશે સર્વેને માહિતગાર કરેલ. મીલીબગ જેવી જીવાતો માટે ગાજરઘાસ એક અગત્યનું યજમાન હોય મીલીબગનો ફેલાવો અટકાવવા માટે ગાજરઘાસનું નિયંત્રણ કરવું ખૂબ જ જરૂરી છે. આ પ્રસંગે ખેડૂતોને ગાજરઘાસના સંકલિત વ્યવસ્થાપન અંગેની એક વિડીયો ફિલ્મ પણ બતાવવામાં આવેલ તેમજ સાહિત્ય વિતરણ પણ કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


Wel come
18 08 2022


Wel come
Parthenium Awareness Week
AICRP-Weed Management
18 08 2022


कृषि विज्ञान केन्द्र देवातज
आणंद कृषि युनिवर्सिटी जि. आणंद
कृषि विज्ञान केन्द्र देवातज
आणंद कृषि युनिवर्सिटी जि. आणंद
Parthenium Awareness Week
AICRP-Weed Management